### સાયબર પોલીસે ઠગો સામે હથિયાર ફેંકી દીધા હોય તેવી ચર્ચા

# પેન્શન કાર્ડની લાલચ આપી ૬૯ વર્ષના નિવૃત્ત વીમા અધિકારીને ઠગોએ રૂ.૬.૯૯ લાખનો ચૂનો લગાવ્યો

**APK ફાઇલ** મોકલી બેંકની વિગતો મેળવી રૂપિયા પડાવ્યા,




(પ્રતિનિધિ) વડોદરા તા 11

વડોદરા શહેરમાં સાયબર ઠગોએ સિનિયર સિટીઝનોને નિશાન બનાવી બેંકના પેન્શન કાર્ડના નામે છેતરપિંડીનો નવો કીમિયો અજમાવ્યો છે. હરણી-વારસિયા રિંગ રોડ પર રહેતા 69 વર્ષીય નિવૃત્ત વીમા અધિકારીને ફેસબુક પર બેંક ઓફ ઈન્ડિયાના પેન્શન કાર્ડની જાહેરાત બતાવી વોટ્સએપ પર APK ફાઈલ મોકલી હતી. ત્યારબાદ બેંક અને એટીએમ કાર્ડની વિગતો મેળવી ગઠિયાઓએ પાંચથી વધુ વ્યવહારો દ્વારા તેમના ખાતામાંથી રૂ.6.99 લાખ સેરવી લીધા હતા.

કમલાપાર્ક સોસાયટીમાં રહેતા રાજેશકુમાર ધીરજલાલ શાહ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીમાંથી નિવૃત્ત થયા છે અને હાલ સમા રોડ પર વીમા સર્વેયર કંપનીમાં નોકરી કરે છે. ગત 4 ઓગસ્ટે તેઓ ફેસબુક પર સર્ફિંગ કરી રહ્યા હતા ત્યારે બેંક ઓફ ઈન્ડિયાના પેન્શન કાર્ડની જાહેરાત જોઈ હતી. જાહેરાત પર ક્લિક કરીને મોબાઈલ નંબર આપ્યા બાદ 5 ઓગસ્ટે અજાણ્યા વોટ્સએપ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે બેંકનો કર્મચારી હોવાનું જણાવી પેન્શન કાર્ડ માટે APK ફાઈલ મોકલી હતી. તેમાં રાજેશભાઈએ નામ, સરનામું, મોબાઈલ નંબર અને બેંક ખાતાની વિગતો દાખલ કરી હતી.

ત્યારબાદ 6 ઓગસ્ટે અન્ય વોટ્સએપ નંબર પરથી વીડિયો કોલ કરી સર્વર ડાઉન હોવાથી પ્રક્રિયા અધૂરી હોવાનું કહી એટીએમ કાર્ડ નંબર અને એક્સપાયરી ડેટ મેળવી હતી. પેન્શન કાર્ડ વોટ્સએપ પર મોકલવાની અને અસલ કાર્ડ ત્રણ દિવસમાં ઘરે પહોંચાડવાની ખાતરી આપી હતી.

થોડા સમય બાદ બેંક ઓફ બરોડાની એપમાં પાસવર્ડ બદલવાનો મેસેજ આવતાં રાજેશભાઈને શંકા ગઈ હતી. તેમણે બેંકનો સંપર્ક કરી ખાતું બંધ કરાવ્યું હતું. ત્યારબાદ બેંક ઓફ ઈન્ડિયાના ખાતાની તપાસ કરતાં 6 ઓગસ્ટે રૂ.49 હજાર, રૂ.10 હજાર, રૂ.40 હજાર અને ત્યારબાદ રૂ.2 લાખના ત્રણ વ્યવહારો સહિત કુલ રૂ.6.99 લાખ ઉપડી ગયાનું જાણવા મળ્યું હતું.

રાજેશભાઈએ છેતરપિંડીમાં સંડોવાયેલા વોટ્સએપ નંબરધારકો, APK ફાઈલ તૈયાર કરનાર અને નાણાં મેળવનારા ખાતાધારકો સહિત અન્ય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## ફ્લિપકાર્ટના રિફંડના નામે મહિલાને રૂ.૧.૪૫ લાખનો ચૂનો

**ગૂગલ પરથી** કસ્ટમર કેરનો નંબર શોધવો ભારે પડ્યો, સ્ક્રીન શેર કરાવી બેંક ખાતાં ખાલી કર્યાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરામાં ઓનલાઈન ખરીદીનું રિટર્ન કર્યા બાદ રિફંડ મેળવવા ગૂગલ પર ફ્લિપકાર્ટના કસ્ટમર કેરનો નંબર શોધવો મહિલાને ભારે પડ્યો હતો. સાયબર ઠગોએ રિફંડના બહાને મોબાઈલની સ્ક્રીન શેર કરાવી બે બેંક ખાતાંમાંથી રૂ.1.45 લાખ ઉપાડી લીધા હતા.

આજવા રોડ પર યોગીરાજ હબ એન્ડ હાઈટ્સમાં રહેતાં 38 વર્ષીય ખુશ્બુ પટેલે 2 ઓક્ટોબરે ફ્લિપકાર્ટ પરથી રૂ.2,400ના સ્કેચર્સ સ્લીપર મંગાવ્યા હતા. સાઈઝ યોગ્ય ન હોવાથી 4 ઓક્ટોબરે ઓર્ડર રિટર્ન કર્યો હતો. રિફંડ ન મળતાં તેમણે ગૂગલ પર કસ્ટમર કેરનો નંબર શોધ્યો હતો.

7 ઓક્ટોબરે અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. સામેવાળાએ પોતે ફ્લિપકાર્ટનો કર્મચારી હોવાનું જણાવી રિફંડ માટે મોબાઈલની સ્ક્રીન શેર કરાવી હતી. ત્યારબાદ ઠગે મોબાઈલનો અનધિકૃત એક્સેસ મેળવી લીધો હતો. થોડીવાર માટે સ્ક્રીન બ્લેક થઈ જતાં મહિલાને શંકા ગઈ હતી.

બેંક ખાતાં તપાસતાં બેંક ઓફ બરોડામાંથી રૂ.67,890 અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી પણ નાણાં ઉપડી ગયાનું જાણવા મળ્યું હતું. મહિલાએ નેશનલ સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી છે.

## કાર ભાડે આપવાનો સોદો ભારે પડ્યો છ લક્ઝરી કારમાંથી એક સ્કોર્પિયો ગુમ

**પાંચ** કાર પરત મળી, રૂ.૧૫ લાખની સ્કોર્પિયોની ભાળ નહીં; બે શખ્સો સામે ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરાના સમા-સાવલી રોડના ટ્રાન્સપોર્ટરને કાર ભાડે આપવાનો સોદો ભારે પડ્યો છે. અમદાવાદમાં પરિચયમાં આવેલા બે શખ્સોએ સારા ભાડાની લાલચ આપી ત્રણ સ્વિફ્ટ અને ત્રણ સ્કોર્પિયો સહિત છ લક્ઝરી કાર મેળવી લીધી હતી. શરૂઆતમાં ભાડું ચૂકવ્યા બાદ બંનેએ નાણાં આપવાનું બંધ કરી જીપીએસ બંધ કરી દીધું હતું.

ટ્રાન્સપોર્ટર આલોક અમૃતલાલ જામરના જણાવ્યા મુજબ, જાન્યુઆરી-2026માં જીતેન્દ્રસિંહ સોલંકી સાથે પરિચય થયા બાદ ફેબ્રુઆરીથી એપ્રિલ દરમિયાન જીતેન્દ્રસિંહ અને તેના કથિત ભાગીદાર રુદ્રપાલસિંહ સોલંકીને છ કાર ભાડે આપવામાં આવી હતી. સ્વિફ્ટનું દૈનિક રૂ.2,000 અને સ્કોર્પિયોનું રૂ.4,500 ભાડું નક્કી થયું હતું. જોકે, થોડા મહિના બાદ ભાડું ચૂકવવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન કાર અન્ય લોકોને ગીરવે મૂકવામાં આવી હોવાની વિગતો સામે આવી હતી. પોલીસની મદદથી તથા અલગ-અલગ સ્થળોએથી પાંચ કાર પરત મેળવવામાં આવી છે. જોકે, ગોંડલના ભરતભાઈ મેરની માલિકીની આશરે રૂ.15 લાખની સફેદ સ્કોર્પિયો હજુ પરત મળી નથી. આખરે આલોક જામરે જીતેન્દ્રસિંહ સોલંકી અને રુદ્રપાલસિંહ સોલંકી વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. સમા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## દિવાળી પહેલાં બસ ડેપો અને રેલવે સ્ટેશન પર મુસાફરોનો ધસારો

(પ્રતિનિધિ) વડોદરા તા.11

દિવાળી અને નૂતન વર્ષના તહેવારો નજીક આવતાં વડોદરાના સેન્ટ્રલ બસ ડેપો અને રેલવે સ્ટેશન પર મુસાફરોની ભીડ વધી છે. વતન જવા તેમજ વેકેશનમાં પ્રવાસે નીકળતા લોકોએ અગાઉથી બુકિંગ કરાવતાં અનેક રૂટની બસો અને ટ્રેનોમાં હાઉસફુલ જેવી સ્થિતિ સર્જાઈ છે.

મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને એસટી વિભાગે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને પંચમહાલ-દાહોદ તરફ વધારાની બસો દોડાવવાની તૈયારી કરી છે. પશ્ચિમ રેલવે દ્વારા પણ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો અને વધારાના કોચની વ્યવસ્થા કરવાનું આયોજન કરાયું છે.

મુસાફરોના ધસારાને પગલે રેલવે પોલીસ, આરપીએફ અને અન્ય સુરક્ષા કર્મચારીઓ દ્વારા બંદોબસ્ત મજબૂત કરાયો છે. ટિકિટ બારી, હેલ્પડેસ્ક અને પીવાના પાણી જેવી સુવિધાઓ સુચારુ રાખવા પણ આયોજન કરવામાં આવ્યું છે.

# આસો નવરાત્રિનો પ્રારંભ : કારેલીબાગ બહુચરાજી મંદિરે ભક્તોનું ઘોડાપૂર

**ઘટસ્થાપન** અને વિશેષ પૂજા સાથે માતાજીની આરાધના, 'જય બહુચર માં'ના નાદથી મંદિર ગુંજી ઊઠ્યું



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

શક્તિની આરાધનાના મહાપર્વ આસો નવરાત્રિનો આજથી ઉત્સાહભેર પ્રારંભ થયો છે. સંસ્કારી નગરી વડોદરામાં માતાજીનાં મંદિરોમાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભીડ જોવા મળી હતી. ખાસ કરીને ગાયકવાડ રાજવી પરિવાર સાથે સંકળાયેલા ઐતિહાસિક શ્રી બહુચરાજી મંદિરમાં મોટી સંખ્યામાં માઈભક્તો દર્શન માટે ઉમટ્યા હતા.

નવરાત્રિના પ્રથમ નોરતે આસો સુદ એકમના પાવન અવસરે મંદિરમાં શાસ્ત્રોક્ત વિધિ-વિધાન મુજબ ઘટસ્થાપન કરવામાં આવ્યું હતું. વિશેષ પૂજા-અર્ચના અને માતાજીના દર્શન માટે વડોદરા શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ ભક્તો પહોંચ્યા હતા. મંદિર પરિસરમાં 'જય બહુચર માં'ના નાદ સાથે ભક્તિમય વાતાવરણ છવાયું હતું.

વડોદરાનું બહુચરાજી મંદિર ધાર્મિક તેમજ ઐતિહાસિક દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ ધરાવે છે. ગાયકવાડ રાજવી પરિવારની આસ્થા સાથે જોડાયેલા આ મંદિરમાં વર્ષોથી પરંપરાગત રીતે પૂજા-અર્ચના કરવામાં આવે છે. નવરાત્રિ દરમિયાન માતાજીનો વિશેષ શણગાર, આરતી અને ધાર્મિક વિધિઓ દર્શનાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બને છે.

નવરાત્રિ પર્વ નિમિત્તે મંદિર ખાતે ભક્તોને સરળતાથી દર્શન અને પૂજનનો લાભ મળી રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિરના અનીલ પૂજારીએ પર્વ નિમિત્તે કરવામાં આવેલા આયોજન અંગે માહિતી આપી હતી. પ્રથમ નોરતેથી જ મંદિર પરિસર ભક્તિ અને શ્રદ્ધાના રંગે રંગાયું હતું. નવ દિવસ દરમિયાન માતાજીની આરાધના માટે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### હાલોલથી વડોદરા આવતા કન્સ્ટ્રક્શન કંપનીના એન્જિનિયર ચા-પાણી પીવા રોકાયા હતા

# ને.હા.૪૮ પરની દેણા ચોકડી પાસે કારનો કાચ તોડી રૂ.૩૫ લાખની રોકડ ભરેલી બેગની ચોરી

**દિવાળી** પહેલાં કર્મચારીઓના પગાર અને સપ્લાયરોના પેમેન્ટ માટે લઈ જવાતી રોકડ તસ્કરો ઉઠાવી ગયા

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા-અમદાવાદ નેશનલ હાઈવે નં. 48 પર દેણા ચોકડી પાસે કાર પાર્ક કરીને ચા-પાણી પીવા ગયેલા કન્સ્ટ્રક્શન કંપનીના એન્જિનિયરની કારમાંથી તસ્કરો રૂ.35 લાખની રોકડ ભરેલી બેગ ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. માત્ર દસેક મિનિટમાં પરત ફરેલા એન્જિનિયરને કારનો કાચ તૂટેલો અને રોકડ ભરેલી બેગ ગાયબ જોવા મળતાં ચકચાર મચી હતી. પોલીસે અજાણ્યા તસ્કરોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

હાલોલની કન્સ્ટ્રક્શન કંપનીમાં એન્જિનિયર તરીકે ફરજ બજાવતા રોમલકુમાર જશુભાઈ પટેલ (ઉં.વ.31)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ હાલોલ GIDC વિસ્તારમાં રૂબામીંગ પ્રા.લિ. અને હિટાચી એનર્જી સહિતની કંપનીઓના બાંધકામ પ્રોજેક્ટમાં કોઓર્ડિનેટર તરીકે કામ કરે છે. દિવાળીના તહેવાર પહેલાં કર્મચારીઓ અને વર્કરોના પગાર તથા સપ્લાયરોને પેમેન્ટ ચૂકવવાનું હોવાથી રોકડની વ્યવસ્થા કરવામાં આવી હતી.

તા.10 ઓક્ટોબરના રોજ સાંજે 4:30 વાગ્યે તેઓ હાલોલના ઘોઘરા રોડ પર રાજધાની હોટેલ સામે આવેલી નમો આંગડિયા પેઢીમાંથી રૂ.30 લાખ રોકડા લઈ આવ્યા હતા. અગાઉ ઉઘરાણીમાંથી મળેલા રૂ.5 લાખ સહિત કુલ રૂ.35 લાખ બેગમાં મૂકીને કિયા સેલ્ટોસ કારમાં વડોદરા આવવા નીકળ્યા હતા.

સાંજે આશરે 5:45 વાગ્યે દેણા ચોકડી પાસે કાર લોક કરીને તેઓ નજીકના કોમ્પ્લેક્સમાં ચા-પાણી પીવા ગયા હતા. દસેક મિનિટ બાદ પરત ફરતાં કારના પાછળના દરવાજાનો કાચ તૂટેલો અને રોકડ ભરેલી બેગ ગાયબ જોવા મળી હતી. આસપાસ તપાસ કરવા છતાં બેગ ન મળતાં તેમણે કંપનીના માલિક સહિતના લોકોને જાણ કરી પોલીસનો સંપર્ક કર્યો હતો.

**રોકડ અંગે જાણકારી હોવાની આશંકા**

દિવાળીના તહેવારને કારણે કંપનીમાં પગાર અને સપ્લાયરોના પેમેન્ટ માટે મોટી રકમની જરૂરિયાત હતી. આટલી મોટી રોકડ કારમાં રાખવામાં આવી હોવાની જાણ તસ્કરોને કેવી રીતે થઈ તે પણ તપાસનો વિષય બન્યો છે. બનાવના સ્થળની આસપાસના વિસ્તારોમાં લાગેલા CCTV કેમેરાનાં ફૂટેજ તપાસવામાં આવે તો તસ્કરોની હિલચાલ અંગે મહત્ત્વની કડી મળી શકે છે. પોલીસે ચોરી કરનાર શખ્સોની ઓળખ મેળવવા અને રોકડ ભરેલી બેગ શોધવા તપાસ તેજ કરી છે.

### પરિવારે માનસિક ત્રાસ અને નોકરીમાંથી છૂટા કર્યાના આક્ષેપો કર્યા

# સયાજી હોસ્પિટલના કોન્ટ્રાક્ટ સુપરવાઈઝરના મોતથી હોબાળો

**એસ.આઈ.એ** આક્ષેપો નકારી કાઢ્યા, નિષ્પક્ષ તપાસની માંગ ઉઠી



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

સયાજી હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ બેઝ પર સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ગૌરાંગભાઈ સકરાજી ઠાકોરના અચાનક હાર્ટ એટેકથી નિધન થતાં હોબાળો મચ્યો છે. મૃતકના પરિવારજનો અને સાથી કર્મચારીઓએ હોસ્પિટલના સેનેટરી ઈન્સ્પેક્ટરો સામે માનસિક ત્રાસ આપવાના તથા નોકરીમાંથી છૂટા કર્યાના આક્ષેપો કરતાં હોસ્પિટલ પરિસરમાં તંગદિલી સર્જાઈ હતી.

પરિવારજનો અને કર્મચારીઓના જણાવ્યા અનુસાર, ગૌરાંગભાઈ છેલ્લા અઢી વર્ષથી હોસ્પિટલમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા. પરિવારનો આક્ષેપ છે કે સેનેટરી ઈન્સ્પેક્ટર મયંક પરમાર અને ફિરોજ અંસારી દ્વારા તેમને કામકાજને લઈને સતત હેરાન કરવામાં આવતા હતા. આ ઉપરાંત, તેમને અચાનક નોકરીમાંથી છૂટા કરી દેવાયા હોવાનો પણ આક્ષેપ કરાયો છે. નોકરી ગુમાવવાના આઘાત અને માનસિક તણાવ વચ્ચે તેમને હાર્ટ એટેક આવ્યો હોવાનો દાવો પરિવારજનોએ કર્યો હતો.

ઘટનાની જાણ થતાં પરિવારજનો અને મોટી સંખ્યામાં કર્મચારીઓ હોસ્પિટલ પરિસરમાં એકઠા થયા હતા. આ દરમિયાન હોસ્પિટલ સ્ટાફ અને કર્મચારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પરિવારજનોએ આક્રંદ સાથે જણાવ્યું હતું કે ગૌરાંગભાઈના નિધનથી પત્ની અને એક દીકરી નિરાધાર બન્યાં છે. પરિવારે આર્થિક સહાય અને ન્યાયની માંગ કરી હતી.

બીજી તરફ, એસ.આઈ. મયંક પરમારે આક્ષેપોને નકારતાં જણાવ્યું હતું કે ગૌરાંગભાઈને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા નહોતા. તેઓ છેલ્લા કેટલાક દિવસોથી સ્વેચ્છાએ નોકરી પર ગેરહાજર હતા. આ અંગે એજન્સી 'રજસ એન્ટરપ્રાઈઝ'ના મેનેજર સમીરભાઈને જાણ કરી ગૌરાંગભાઈને કામ પર બોલાવવા પણ જણાવાયું હતું. સમગ્ર મામલે હકીકત બહાર લાવવા તટસ્થ તપાસ કરવાની માંગ ઉઠી છે.

# SSGHમાંથી ફરાર ગુજસીટોકનો આરોપી મોહસીન મીંડી ઝડપાયો

**બેદરકારી** બદલ ચાર પોલીસ કર્મચારીઓ ફરજ મોકુફ કરી ખાતાકીય તપાસ શરૂ



(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરાની SSG હોસ્પિટલમાં સારવાર દરમિયાન પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલા ગુજસીટોકના આરોપી મોહસીન ઉર્ફે શેખ મીંડીને ફરી ઝડપી લેવામાં આવ્યો છે. વડોદરા ક્રાઈમ બ્રાન્ચ, રેલવે એલસીબી અને ગોધરા જિલ્લા પોલીસની સંયુક્ત કામગીરીથી આરોપીને પકડવામાં સફળતા મળી છે.

રેલવે એસપી અભય સોનીના જણાવ્યા મુજબ, આરોપી સામે લૂંટ, સ્નેચિંગ અને ચોરી સહિતના આશરે 10 ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. ગોધરા પોલીસે તેને પકડી સારવાર માટે વડોદરાની SSG હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. સારવાર દરમિયાન તેની સુરક્ષા માટે પોલીસ કર્મચારીઓ તૈનાત કરાયા હતા. જોકે, બેડ સાથે હથકડી બાંધેલી હોવા છતાં બાથરૂમ જવાના બહાને તે પોલીસની નજર ચૂકવીને ફરાર થઈ ગયો હતો. આરોપી હોસ્પિટલમાંથી ફરાર થતાં પોલીસ બંદોબસ્ત અને સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા હતા. ઘટનાને પગલે પોલીસે તેની શોધખોળ શરૂ કરી હતી. આખરે સંયુક્ત કામગીરીમાં આરોપીને ફરી ઝડપી લેવામાં આવ્યો છે. બીજી તરફ, ફરજમાં બેદરકારી બદલ ચાર પોલીસ કર્મચારીઓને ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે. તેમની સામે ગુનો નોંધી ખાતાકીય તપાસ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગંભીર ગુનાના આરોપીના જાપ્તામાંથી ભાગી છૂટવાના બનાવને પગલે પોલીસ તંત્રમાં પણ દોડધામ મચી હતી.

### કમિશનર સામે કોન્ટ્રાક્ટરોના મંડાણ

# ૧૫ માંગણીઓ નહીં સંતોષાય તો વિકાસકામો બંધ કરવાની ચીમકી

**વડોદરા** મનપાના ઈજારદારો આજે આવેદનપત્ર આપશે; R&B અને GSTના પ્રશ્નો ઉકેલવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા મહાનગરપાલિકામાં વહીવટી તંત્ર અને ઈજારદારો વચ્ચે તણાવ વધતો હોવાની ચર્ચાઓ વચ્ચે વિકાસકામો અટકી પડવાની શક્યતા ઊભી થઈ છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા વિકાસકામોમાં ક્ષતિઓ અને નબળી કામગીરી સામે કડક પગલાં લેવાતાં કોન્ટ્રાક્ટરોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. આ સ્થિતિમાં શહેરના ઈજારદારોએ પોતાની 15 જેટલી વિવિધ માંગણીઓ સાથે આજે મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપવાની તૈયારી કરી છે. માંગણીઓનો ઉકેલ નહીં આવે તો આજથી જ પાલિકા હેઠળનાં તમામ ચાલુ વિકાસકામો બંધ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ઈજારદારોના જણાવ્યા મુજબ, રાજ્ય સરકારની ગાઈડલાઈન પ્રમાણે પાલિકા તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવતી નથી. ઉપરાંત, રોડ્સ એન્ડ બિલ્ડિંગ (R|B) વિભાગના નિયમો અને જીએસટી (GST) સંબંધિત અનેક પ્રશ્નો લાંબા સમયથી પડતર છે. આ મુદ્દાઓના નિરાકરણ માટે તમામ ઈજારદારો એકત્ર થઈને કમિશનર સમક્ષ રજૂઆત કરશે.

કોન્ટ્રાક્ટરોનું કહેવું છે કે વિકાસકામોમાં ક્ષતિઓ બદલ કાર્યવાહી સામે તેમને વાંધો નથી, પરંતુ કામગીરીમાં સરકારી માર્ગદર્શિકાનું પાલન થવું જોઈએ અને નિયમોને લગતા પ્રશ્નોનો પણ ઉકેલ લાવવો જરૂરી છે. એક તરફ પાલિકા દ્વારા ગુણવત્તા અને કામગીરી અંગે કડક વલણ અપનાવાઈ રહ્યું છે, ત્યારે બીજી તરફ પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં ઈજારદારો હવે આક્રમક વલણ અપનાવવાની તૈયારીમાં છે.

આજે આવેદનપત્ર પાઠવ્યા બાદ પાલિકા તંત્ર કેવો પ્રતિસાદ આપે છે તેના પર સૌની નજર રહેશે. જો માંગણીઓનો ઉકેલ નહીં આવે તો વિકાસકામો અટકી શકે છે, જેના કારણે શહેરનાં વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલાં કામો પર અસર થવાની શક્યતા છે. પાલિકાના ઈજારદાર જીગરભાઈ (અરિહંત એસોસિએટ્સ)ના જણાવ્યા મુજબ, કમિશનર કામમાં ક્ષતિ બદલ કાર્યવાહી કરે તેની સામે અમને વાંધો નથી, પરંતુ પાલિકા તંત્ર રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ કામ કરતું નથી. R|B અને GST સંબંધિત અનેક પ્રશ્નો પડતર છે. આજે અમે 15 માંગણીઓ સાથે આવેદનપત્ર પાઠવીશું. જો માંગણીઓનો ઉકેલ નહીં આવે તો આજથી જ તમામ ચાલુ વિકાસકામો બંધ કરી દેવામાં આવશે.

### પ્રસૂતિના બે મહિના બાદ જ સાસરીમાં ત્રાસ ગુજારાતો હોવાનો આક્ષેપ

# બે માસની જોડિયા દીકરીઓને સાસુ લઈ જતા માતાનુ હૈયાફાટ રૂદન, ૧૮૧ની ટીમે માતાને દીકરીઓ પરત અપાવી

**પતિની** મારપીટથી કંટાળેલી પરિણીતાની પોલીસના પણ દ્વાર ખખડાવ્યા




(પ્રતિનિધિ) વડોદરા, તા. 11

વડોદરામાં સાસરી પક્ષના કથિત ત્રાસથી કંટાળેલી અને પ્રસૂતિના બે મહિના બાદ જોડિયા દીકરીઓની એકલા હાથે સંભાળ રાખતી પરિણીતાએ આખરે અભયમ 181 મહિલા હેલ્પલાઈનની મદદ લેવી પડી હતી. પરિણીતાના આક્ષેપ મુજબ, સાસુ અને પતિ તેને વારંવાર પિયર જવા માટે દબાણ કરતા હતા અને તેના પિતા પાસે પૈસાની માંગણી પણ કરવામાં આવતી હતી. એટલું જ નહીં, સાસુ બંને બાળકીઓને પોતાની સાથે લઈ જતાં અને પરત આપવાનો ઈનકાર કરતાં વિવાદ વકર્યો હતો. અભયમની ટીમે કાઉન્સેલિંગ કરીને બંને બાળકીઓને માતાને પરત અપાવી હતી. પતિએ મારપીટ કરી હોવાના આક્ષેપ સાથે પરિણીતાએ કેસ કરવાની ઈચ્છા વ્યક્ત કરતાં ટીમે નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી કરાવી હતી.

બાપોદ વિસ્તારમાથી અભયમ 181ની ટીમને મદદ માટેનો કોલ મળતાં ટીમ પરિણીતાના ઘરે પહોંચી હતી. ત્યાં પરિણીતાએ જણાવ્યું હતું કે તેની માતાનું બાળપણમાં જ અવસાન થયું હતું અને તેના પિતા રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના લગ્ન સમાજના રીતરિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ પતિ તેની જરૂરિયાતની વસ્તુઓ લઈ આપતા ન હોવાનો તેમજ સાસુના કહેવાથી તેની સાથે વર્તન કરતા હોવાનો આક્ષેપ કર્યો હતો.

પરિણીતાના જણાવ્યા મુજબ, બે મહિના પહેલાં તેણે જોડિયા દીકરીઓને જન્મ આપ્યો હતો. તેમ છતાં સાસુ ઘરકામ કરાવતાં હતાં અને બાળકીઓની સંભાળ રાખવામાં મદદ કરતા નહોતાં. ઘરકામ અને બંને દીકરીઓની જવાબદારી એકલા હાથે નિભાવવી પડતી હતી. આ ઉપરાંત, સાસુ અને પતિ પિયર જવા માટે વારંવાર દબાણ કરતા અને પિતાને અપશબ્દો બોલી પૈસાની માંગણી કરતા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

પરિણીતાએ વધુમાં જણાવ્યું હતું કે સાસુ બંને દીકરીઓને પોતાની સાથે લઈ ગયાં હતાં અને પરત આપવાનો ઈનકાર કર્યો હતો. દીકરીઓની માંગણી કરતાં તેને ઘરની બહાર કાઢી મૂકવામાં આવી હતી. આથી અભયમની ટીમે પતિ અને સાસુનું કાઉન્સેલિંગ કરીને બંને બે માસની બાળકીઓને માતાને પરત અપાવી હતી. પતિ દ્વારા મારપીટ કરવામાં આવી હોવાના આક્ષેપ અંગે પરિણીતાની ઈચ્છા મુજબ નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

## ફટાકડા ફોડવા મુદ્દે બે જૂથ વચ્ચે મારામારી, સામસામે ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

ન્યાય મંદિર દુધવાળા મહોલ્લામાં ફટાકડા ફોડવા જેવી સામાન્ય બાબતે બે જૂથ વચ્ચે મારામારી થતાં ચકચાર મચી ગઈ હતી. બંને પક્ષે ગાળો આપી માર મારવા અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામસામે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે. 10 ઓક્ટોબરની રાત્રે બાળકો ફટાકડા ફોડી રહ્યાં હતાં. આ દરમિયાન જાવેદ ઉર્ફે પિન્ટુ મસકવાલાના મકાન પાસે ફટાકડા ફોડવા મુદ્દે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ બંને પક્ષ વચ્ચે ઝઘડો અને મારામારી થઈ હતી. એક પક્ષની ફરિયાદમાં આફિયા બિલ્લાવાલાને કપાળમાં ઈજા થઈ હોવાનો આક્ષેપ કરાયો છે. બીજી તરફ, જાવેદ ઉર્ફે પિન્ટુ મસકવાલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પુત્રને બાળકોને ફટાકડા ફોડવાની ના પાડતાં ઝઘડો થયો હતો. દરમિયાન વચ્ચે પડેલી તેમની પત્ની મુમતાઝને લાકડી જેવા દંડાથી માથામાં ઈજા પહોંચાડ્યાનો આક્ષેપ કરાયો છે.

### રાજલી ક્રોસિંગથી નવાપુરા પાટિયા સુધી ટ્રાફિકજામ

# વડોદરા-ડભોઈ રોડ પર ૩ કલાક સુધી વાહનોની લાંબી કતારો : ચાલકો પરેશાન

**ઓવરબ્રિજની** ધીમી કામગીરી અને ડાયવર્ઝનના કારણે સમસ્યા વકરી



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા-ડભોઈને જોડતા મુખ્ય માર્ગ પર ટ્રાફિકજામની ગંભીર સમસ્યા સર્જાતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ડભોઈ વડોદરા રોડ ઉપર રાજલી ક્રોસિંગથી નવાપુરા પાટિયા સુધી લગભગ 3 કલાક સુધી વાહનોની લાંબી કતારો લાગતા રોડની બંને બાજુ ટ્રાફિક ખોરવાઈ ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, થુવાવી રાજલી ક્રોસિંગ પાસે છેલ્લા ઘણા સમયથી ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી છે. બ્રિજનું કામ અત્યંત ધીમી ગતિએ ચાલતું હોવાથી માર્ગ મકાન વિભાગ દ્વારા વાહન વ્યવહાર માટે એક તરફ ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. જેના કારણે આ માર્ગ પર અવારનવાર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાય છે. આ ડાયવર્ઝન વાળા બ્રિજ પાસે એક તોતિંગ વાહન ખોટકાઈ જતા સમસ્યા વધુ વકરી હતી. ખોટકાયેલા વાહનના કારણે બ્રિજ પરથી પસાર થતો તમામ વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો અને જોતજોતામાં બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. લગભગ ત્રણ કલાક સુધી સર્જાયેલા આ ટ્રાફિકજામમાં અનેક વાહનચાલકો અને ખાસ કરીને નોકરિયાત વર્ગના વાહનો ફસાતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વાહનચાલકોને કલાકો સુધી ગરમીમાં અટવાઈ રહેવું પડ્યું હતું.